ચ-માર્ગ પર મહિલાની છેડતી કરનાર શખ્સને નાગરીકોએ મેથીપાક ચખાડ્યો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં સવાર-સાંજ ચાલવા જવા વાળા નાગરીકોની સંખ્યા સવિશેષ છે. શહેરમાં મોડીરાત સુધી મહિલાઓ ચાલતી જોવા મળે છે. ત્યારે શહેરના ચ માર્ગ પર ગતરોજ સાંજના સમયે અનોખો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ચાલતા જતા મહિલાની એક શખ્સે છેડતી કરતા મહિલાએ હિંમત દાખવતા છેડતી કરનારનો કોલર પકડી હોહા મચાવતા અન્ય નાગરીકો આવી જતા આ છેડતી કરનાર શખ્સને મેથીપાક ચખાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના ચાલતી જતી મહિલાઓને કેટલાક એવા શખ્સો હોય છે જે ચેનચાળા કરતા હોય છે. જેમાં ચાલતી જતી મહિલા સવિશેષ ચેનચાળાનો ભોગ બને છે કારણે કે તે ચાલતી હોવાથી પેલા શખ્સનો પીછો કરી શકતી નથી. જયારે અસામાજીક તત્વો ભાગી જાય છે.

શહેરના ચ-૨ થી ચ-૩ તરફ ચાલતા જતા એક મહિલાની છેડતી કરી હતી.ચાલતા જતા મહિલાની આગળ જઈને ઉભો રહીને ચેનચાળા કરતો હતો. માર્ગ પર આગળ જાય અને પાછો આવે ફરી ફરીને આવુ કરતો હતો. પહેલા મહિલા હિંમત દાખવીને છેડતી કરનાર શખ્સનો શર્ટનો કોલર પકડી પાડ્યો હતો અને બુમાબુમ કરતા પાછળ બાઈક લઈને આવી રહેલા બે શખ્સો અને અન્ય નાગરીકોએ આ મહિલાની વાત સાંભળીને છેડતી અને ચેનચાળા કરતા શખ્સને બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. ચેનચાળા કરનાર શખ્સ સેકટર-૨ નો રહેવાસી હોવાનુ જાણવા મળ્યું છે.

રણાસણ પાસે આવેલ કાફેમાં ફિલ્મના પોસ્ટર લોંચિંગમાં બોલિવુડના કલાકારો

બોલીવુડના કલાકારોએ રણાસણ સર્કલ પાસેના એક કાફે રેસ્ટોરન્ટની મુલાકાત લીધી હતી. અમદાવાદ ખાતે હિન્દી ફિલ્મના પોસ્ટર લોંચિંગમાં આવ્યા હતા. આ હિન્દી ફિલ્મના કલાકારોએ ઈશ્ક વિશ્ક બાજીરાવ મસ્તાની જેવી ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જેમાં શબ્બીરઅલી તથા ગોલ્ડનમેન શનિ વાઘસોરે તેમજ સાથી કલાકારો એકઠા થયા હતા. આ કલાકારોને નિહાળવા મોટી સંખ્યામાં ફિલ્મ રસિકો સ્ટાર કલાકારો સાથે ફોટોગ્રાફી કરી મજા માણી હતી. આ કલાકારો મુંબઈથી ગોલ્ડનકાર અને પહેરેલા સોનાના આભુષણોએ સૌને આકર્ષીત કર્યા હતા.

આજે પરશુરામ જયંતિ : નગરમાં ભવ્ય શોભાયાત્રા નીકળશે

ભગવાન પરશુરામની યાત્રાનુ સ્વાગત કરવા સેક્ટરવાસીઓ ઉત્સુક

ગાંધીનગર, તા. ૬

આજે પરશુરામ ભગવાનની જન્મજયંતિ નિમિત્તે સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, મહીલા પાંખ, યુવા પાંખ અને પરશુરામ મિત્રમંડળ દ્વારા સંયુક્ત રીતે શહેરમાં ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેનો પ્રારંભ સવારે ૮ વાગ્યે સે. ૧૬ સ્થિત સચ્ચિદાનંદજી બ્રહ્મભવનથી થશે.

પરશુરામ જયંતિ નિમિત્તે આજે શહેરમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા કરવામાં આવ્યુ છે. શોભાયાત્રાનો પ્રારંભ સવારે ૮ વાગ્યે સે. ૧૬ સ્થિત સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવનથી થશે. ત્યાંથી શોભાયાત્રા નીકળીને નાગરિક બેંક થઈને સે. ૧૭ હનુમાન મંદિરે આરતી પૂજા કરીને સે. ૧૭ શોપિંગથી ચ-પથી સે. ૨૧ પોલીસ ચોકી થઈને સે. ૨૧ શાકમાર્કેટ થઈને જીમખાનાથી સે. ૨૧/૩૦ બસસ્ટેન્ડ થઈને ચ-૬ વૈજનાથ મહાદેવ મંદિરથી પંચદેવ મંદિર સે. ૨૨ આરતી કરીને સે. ૨૨ શોપીંગ ગુરૂકુળ ટ્રાફિક પોલીસ ચોકી થઈને સે. ૨૨/૨૩ થઈ સે. ૨૩, કડી સ્કૂલ શોપીંગ સ્વાગત થઈને આરાધના રોડ ગ-૬ થી ગ-૭ ડીએસપી ઓફિસ શિવશક્તિ મંદિર સે. ૨૭ બાલુભાઈના નિવાસસ્થાને હોલ કરી સે. ૨૬ નવરાત્રી ચોક થઈ સે. ૨૬ પ્રકાશ સ્કૂલ સ્વાગત થઈને સે. ૨૫/૨૬ રોડ, ખ-૬થી માતંગી સ્કૂલ સે. ૨૪ ચંદ્ર ફોટો સ્ટુડિયોથી આર્યસમાજ સે. ૨૩/૨૪ ચોકડીની ગ-૫ થઈને સે. ૧૩ લિંબચમાતાના મંદિરે સ્વાગત થઈને ચેતનભાઈ રાવલ સે. ૫ થી સે. ૪ ઓમકારેશ્વર મંદિર થઈને સે. ૩ રામેશ્વર મંદિરથી સે. ૨ સ્વામિનારાયણ મંદિર થઈ સે. ૧ ગાયત્રી મંદિરથી સે. ૮ ત્રંબકેશ્વર મંદિર થઈને સે. ૭ થી સે. ૬ ભુવનેશ્વર મહાદેવથી ઘ-૩ પથિકાશ્રમથી ઘ-૪ ચ-રોડ ઉપરથી નાગરિક બેંક થઈ સે. ૧૬ સોમનાથ મહાદેવ મંદિર પરત ફરી પૂર્ણ થશે. શોભાયાત્રામાં ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને ઉત્સાહપૂર્વક ભાગ લેવા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ, મહામંત્રી નરેશ દવે અને યુવા પ્રમુખ જયશ્રી ખેતિયા દ્વારા જણાવાયુ છે.

રાજ્યના મહાનગરોમાં પીવાના પાણીની સ્થિતિની સમીક્ષા

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના આઠેય મહાનગરોમાં તથા શહેરી વિકાસ સત્તામંડળોમાં સમાવિષ્ટ વિસ્તારોમાં પાણી પુરવઠાની સ્થિતિની સમીક્ષા અને આયોજન અંગે ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજી હતી. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરોના મેયરો, સ્ટેન્ડીંગ કમિટિ અધ્યક્ષો, કમિશ્નરો સાથેની આ બેઠકમાં મહાનગરો તેમજ શહેરી વિકાસ સત્તામંડળોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

તદ્અનુસાર મહાનગરોમાં અને સ્થાનિક વિકાસ સત્તામંડળ વિસ્તારોમાં સ્થાનિક સોર્સ તેમજ નર્મદામાંથી આપવામાં આવતા પાણી પુરવઠાની હાલની પરિસ્થિતિની સમીક્ષા-ચર્ચા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ ૩૧ જુલાઈ-૨૦૧૯ સુધી રાજ્યમાં મહાનગરો સહિત ક્યાંય પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે હેતુસર મહાનગરોના સત્તાતંત્રોએ હાથ ધરેલા આયોજનનો જાયજો પણ મેળવ્યો હતો અને સ્થિતિથી વાકેફ થયા હતા. મુખ્યમંત્રી મહાનગરોમાં આગામી ૧-૨ વર્ષમાં વપરાશ માટેના પાણી પુરવઠામાં ૭૫ ટકા ટ્રીટેડ વોટર રીસાયકલ્ડ વોટર યુઝ કરવા માટેની વ્યવસ્થા કાર્યરત થાય તે અંગે પણ તાકીદ કરી હતી.

આ રિસાયકલ્ડ વોટરનો ઉપયોગ ઉદ્યોગ ગૃહોના ઔદ્યોગિક વપરાશ, મહાનગરોમાં બાગ-બગીચા-વૃક્ષારોપણ તેમજ મહાનગરોના તળાવો ભરવા માટે કરીને હાલ ગ્રાઉન્ટ વોટર કે નર્મદાના પાણી પરની ડીપેન્ડન્સી ઘટાડવા અંગે પણ બેઠકમાં ગહન વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત નગરોની નદીઓ પુનઃજીવીત કરવા અને ખેડૂત મંડળીઓ મારફત આવુ ટ્રીટેડ વોટર ખેતીવાડી માટે વપરાશમાં લેવાની બાબતે પણ માર્ગદર્શન બેઠકમાં આપવામાં આવ્યું હતું.

પાણી પુરવાઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની સહ ઉપસ્થિતિમાં યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, પાણી પુરવઠા, શહેરી વિકાસના અગ્ર સચિવો, મુખ્યમંત્રીના અગ્ર સચિવ અને સચિવ સહિતના વરિષ્ઠ અધિકારીઓ પણ ચર્ચામાં જોડાયા હતા.

બ્રહ્મ સમાજની મિટીંગ યોજાશે

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરની કારોબારી, મહિલા પાંખ, યુવા પરિવાર પરશુરામ મિત્ર મંડળ સેકટર શાખાની કારોબારી સમિતિની ભગવાન પરશુરામ જયંતિ શોભાયાત્રા અંગેની સંયુકત મિટીંગ તા. ૭મે ના રોજ સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન યોજાશે.

શ્રીરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દસ હજાર પાણીના કુંડાનું વિતરણ

ઉનાળાની નિસહ્ય ગરમીથી તપતા વાતાવરણમાં મનુષ્ય તો ત્રાહિમામ છે જ સાથે સાથે પશુ-પક્ષીઓને પણ ગરમીની અસર વર્તાઈ રહી છે. જે સમજીને ગાંધીનગરના શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પશુ-પક્ષીઓની મદદ અર્થે ૧૦,૦૦૦ પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગરમીની સિઝનમાં અબોલ પક્ષીઓને પીવાના પાણીની વ્યવસ્થા મળી રહે તે અર્થે શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૦,૦૦૦ જેટલા વિના મૂલ્યે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર અંધશાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૬

સર્વિસ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ સંચાલિત અંધશાળામાં વોટ્સએપ ગ્રૂપ 'ગામનો ચોરો' દ્વારા ગુજરાતભરના નેત્રહિન વ્યક્તિઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૯૦ જેટલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૫ મે ના રોજ ગામના ચોરાના સભ્યો દ્વારા વિવિધ સંગીત અને મિમિક્રી જેવા કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે દૃષ્ટિહીન લેખક મુકેશ ધારૈયાના પુસ્તક 'નિષ્ક્રીય નેત્રોના ઓજસ' સીડીનું વિમોચન કરવામાં આવ્યું હતું તથા મુરબી જે.વી. કવિના અધ્યક્ષસ્થાને નેત્રહિન શિક્ષક શંકરભાઈ કે. પટેલનું સન્માન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં નગરના પ્રતિષ્ઠિત ઈન્ફોસીટી સાયન્સ કોલેજના નિયામક શૈલેષભાઈ પંડ્યા તથા અંધજન મંડળ અમદાવાદના આચાર્ય મનુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન સંસ્થાના ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ દેસાઈ અને આભાર વિવિધ મંત્રી જયંતિભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉમેશ પરમાર અને મુકેશ ધારૈયા દ્વારા કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના મહિલા સેલના પ્રદેશ પ્રભારી પદે નૈનાબા જાડેજાની નિમણૂંક

ગાંધીનગર, તા.૬

રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના દ્વારા ભારતીય ક્રિકેટર રવિન્દ્રસિંહ જાડેજાના મોટા બહેન નૈનાબા જાડેજાને કરણી સેનાના ગુજરાત પ્રદેશ મહિલા સેલના પ્રભારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. નૈનાબા જાડેજાની નિયુકિત રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના સુપ્રિમો સુખદેવસિંહ ગોગામેડી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ યોગેન્દ્રસિંહ કટાર અને રાજ શેખાવતની મંજુરીથી કરવામાં આવી છે. આ નિયુકિત પ્રકિયાને કરણી સેનાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રાજ શેખાવત તથા અજયસિંહ શેખાવત, ચંદુભા તથા સૌરાષ્ટ્ર કાર્યકારીણી દ્વારા સંપન્ન કરવામાં આવી છે.

આ પ્રસંગે રાજ શેખાવતે નૈનાબા જાડેજાનું રાષ્ટ્રીય રાજપૂત કરણીસેનામાં સ્વાગત કરતા તેઓ

સમાજની જરૂરિયાતમંદ મહિલાઓના ઉત્થાન અને સમાજના મહિલા સશકિતકરણ માટે જવાબદારીપૂર્વક યોગદાન કરશે તેવી અપેક્ષા વ્યકત કરી હતી.

મહેરીયા સમાજ દ્વારા મહેરીયા કુળદેવી મા ચામુંડા માતાજી મંદિર ખાતે ત્રિ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં સમગ્ર સમાજના આગેવાનો, સાધુ-સંતો જોડાયા હતા. જે અંતર્ગત શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડ યોજાયો હતો. સાથે યજ્ઞ અને ગરબા યોજાયા હતા.

प्रधानमंत्री जन आरोग्य योजना
आयुष्मान भारत
PM-JAY
Mukhyamantri Amrutum
મુખ્યમંત્રી અમૃતમ્
An initiative of Health and Family Welfare Department
SHALBY®
MULTI-SPECIALTY
HOSPITALS

આયુષ્યમાન ભારત યોજના અને મા યોજનાના કાર્ડધારકોને
જોઈન્ટ રિપ્લેસમેંટ સર્જરી (ઘૂંટણ અને થાપા)
માટે નિષ્ણાત ડોકટરો દ્વારા વિના મૂલ્યે સારવાર મળશે

શેલ્બી હોસ્પિટલ્સ

ક્રિષ્ના શેલ્બી	નરોડા શેલ્બી	સુરત શેલ્બી
319, ગ્રીન સિટી, ઘુમા, વાયા બોપલ, અમદાવાદ	હરિદર્શન ચાર રસ્તા, નરોડા કઠવાડા રોડ, અમદાવાદ	નવયુગ કોલેજની બાજુમાં, રાંદેર રોડ, અડાજણ, સુરત
99241 41767 99043 99881	95120 49800 95743 55588	97238 14200 95120 48594

E: info@shalby.org | W: www.shalby.org